સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'કોરોના' નડે 'ધર્મ'ને 'અધર્મ'થી મરે છે કોણ?
અમારા સિવાય 'ધ્વજ' વંદન જ કરે કોણ ?
ભરડે છે કોણ ભાષણ દેશની આગેકૂચમાં ?
'રાષ્ટ્રીય ઉત્સવ' નામે ઉજવણી કરે છે કોણ ?

થયો ઉદય
મોગલવંશ - ફરી,
થાય સુધારા...

રાખ્યું સજાવી -
શસ્ત્ર 'રાજદ્રોહ'નું -
રહો સજાગ...

હાઈકુ

ચિંતન

ઉપસ્થિત વિનાશ: પથ્યવાક્યં ન શ્રૃણોતિ ॥

ઉપરોક્ત શ્લોક 'ચાણક્યનીતિ'માંથી લેવામાં આવેલ છે.

વિનાશ સાચી શિખામણ નથી સાંભળતો.

ગુજરાતીમાં પણ કહેવાયું છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ. વ્યક્તિનું જ્યારે પતન થવાનું હોય ત્યારે તમે તેને ગમે તેટલી શિખામણ આપશો તો પણ તે સાંભળશે નહિ અને વિનાશના પંથે આગળ ધપશે જ.

માણસને પોતાનાં આ જન્મનાંકે પૂર્વજન્મોના કર્મફળ (સાચાં કે માઠાં) ભોગવવાં જ પડે છે. ઈશ્વર જન્મની સાથે વિધિના લેખ લખે છે તેનાં સ્વભાવ - સંજોગ - પરિસ્થિતિ - બુદ્ધિ - સંસ્કાર બધું લખીને જ આપે છે અને માણસ એ પ્રમાણે જ ઉછેર - રહે - વર્તન કરે આમ કોઈ કોઈને સમજાવી - સુધારી નથી શકતું.

સુવિચાર

- કામ વો ચુનો જો તુમ્હારી કમજોરિયોં કો ચુનૌતી દે... - **ડો. વિષ્ણુ ગુપ્તા**
- માંહ્યલા સાથેનું તાદાત્મય એટલે તમારામાં જન્મેલા નવા ઈન્સાનની પ્રતીતિ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- પ્રત્યેક નકારાત્મકતા સકારાત્મકતાને હાથે પરાજિત થવા સર્જાયી હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસમાં બુદ્ધિ વધે પણ હૃદયની શુદ્ધિ ન વધે તો એનો શો અર્થ ?? - **કિષ્નકાન્ત ઉનડકટ**
- કડવી સલાહને સ્વીકારવાની તૈયારી એ માનસિક સંસ્કારિતાની નિશાની છે - **જનકલ્યાણ**
- માણસ ભલે સત્યનો પહેરેદાર ન બનતો હોય,
  પરંતુ અસત્યનો પહેરો તો એ ખુલ્લી તલવાર સાથે ભરતો હોય છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : મીઠા લીમડાના પાનને પાણીમાં નાખી મિક્સરમાં ફેરવી તે પાણી સવાર-સાંજ પીવાથી હરસ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જયપૂર નરેશના દિવાન અમરચંદ જૈન અત્યંત કુશળ પ્રશાસકોમાં થતી. જૈન હોવાને નાતે તેઓ અહિંસાના સમર્થક હતાં. એકવાર મહારાજ જયપૂર સાથે શિકાર કરવા તેમને આમંત્રણ મળ્યું. અમરચંદ મનથી નારાજ હતા તેમ છતાં મહારાયનું માન રાખવા ઘોડો લઈ જંગલમાં શિકાર કરવા નીકળ્યાં. જંગલમાં મહારાજને હરણોનું ઝૂંડ દેખાયું અને મહારાજે પોતાનો ઘોડો તેની પાછળ દોડાવ્યો. તેની પાછળ પાછળ અમરચંદ ઘોડો દોડાવી રહ્યા હાત. તેમના મનમાં વિચાર આવ્યો કે આ નિર્દોષ અને મૂંગા પશુઓએ મહારાજનું શું બગાડ્યું છે? માણસો કેવા અવિવેકી છે!! તે નિર્બળ પશુઓને મારીને પોતાની વિરતા ઉપર ઘમંડ કરે છે. આ બિચારા હરણાં કયાં જશે? જયારે રાજા ખુદ જ તેમના પ્રાણ લેવા તૈયાર થયા છે. તો તેઓ પોતાનો જીવ કેવી રીતે બચાવશે?અમરચંદને એક યુક્તિ સુઝી 'તેમને જોરથી બુમ પાડીને કહ્યું, 'હે હરણાં !! હું કહું છું કે તમે જયાં છો ત્યાં જ અટકી જાવ. જયારે રક્ષક જ ભક્ષક બની જાય તો તમે બચીને કયાં જશો ??' અસલમાં દિવાને આ વાત મહરાાજની આંખ ખોલવા જ કહી હતી.' સંજોગવશાત્ હરણાં ઊભાં રહી ગયા. મહારાજે આવું દેશ્ય કદી જોયું ન હતું. દિવાને કહ્યું, 'મહારાજ, જે હરણનો શિકાર કરવો હોય. તે કરી દો.' મહારાજને દિવાનની વાતનો મર્મ સ્પર્શી ગયો. તેમણે કહ્યું, 'અમરચંદજી તમે મારી આંખો ખોલી નાખી, આજથી હું શિકારનો ત્યાગ કરું છું.'અમરચંદ જૈને મહારાજનો દિલથી આભાર વ્યક્ત કર્યો.

મેળા-મહોત્સવોને કોરોનાગ્રહણ

તંત્રીસ્થાનેથી...

શ્રાવણ અને ઓગસ્ટની જુગલબંધી આપણા માટે ધાર્મિક અને રાષ્ટ્રીય પર્વોની હારમાળા લઈને પ્રગટતી રહી છે. મેઘાડંબર ગાજતું હોય, ધરતીને લીલી ચુંડલી ઓઢી લીધી હોય અને શ્રાવણી મેળાઓની રમઝટ જામે ત્યારે જીવનને નવું ચૈતન્ય સાંપડે. આ વર્ષે પણ તહેવારો તો આવ્યા છે, અને સ્વાંતત્ર્ય દિવસ પણ આવી રહ્યો છે. ગાંધીનગર માટે તો એનો જન્મોત્સવ પણ બીજી ઓગસ્ટે આવતો હોઈ આ સમયગાળો વધુ સોહામણો બનતો રહ્યો છે. પરંતુ કોરોનાની સવારી નીકળી છે ત્યારથી શું પ્રજા કે શું સરકાર - બધાં શિયાવિયાં થઈ ઘરખૂણે ઘલાઈ ગયા છે. ઉત્સવઘેલી પ્રજા આ વર્ષે ઉત્સવો નહીં ઊજવી શકે. સળંગ મહિના લગી ચાલતા સમસ્ત સૌરાષ્ટ્ર સહિત રંગીલા રાજકોટના મેળા, ઈતિહાસપ્રસિદ્ધ તરણેતરનો લોકમેળો, સાતમ-આઠમના ગામે ગામ થતા લોકોત્સવ કે મુસ્લિમ બિરાદરોના તાજિયા કે ઈદ-કશું કહેતાં કશું મન મૂકીને મનાવી શકાય એમ નથી. સરકારને અળખામણી થવાની તૈયારી સાથે આ તમામ પર્વો, ઉત્સવો અને લોકમેળાઓ પર પ્રતિબંધ મૂકવો પડ્યો છે. કોરોનાનો ઘાતક હુમલો આખા દેશમાં કાળી કળેળાટી મચાવી રહ્યો છે. ગુજરાતમાં એનો પડાવ ઘણો લાંબો ચાલશે એમ લાગે છે. એક પછી એક મોટાં શહેરોને એણે ઘૂંટણિયે પાડી દીધાં છે. અમદાવાદમાં કોટ વિસ્તાર પ્રમાણમાં ઠંડો પડ્યો છે પણ પશ્ચિમ અમદાવાદમાં કોરોનાની મોસમ ખીલી છે. ડૉકટરો અને પેરામેડિકલ સ્ટાફ એના સકંજામાં સપડાયાં છે. સુરતમાં કોરોના પૂરબહાર ધૂમ મચાવી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં શરુઆતમાં રાહત હતી પરંતુ કોરોનાએ ભાવનગરને સૌરાષ્ટ્રનું વુહાન બનાવી દીધું છે અને મુખ્યમંત્રીના રાજકોટ પર એનો ડેળો વંકાયો છે. મરણાંકની રૂએ ગુજરાત યુરોપના દેશોની હરોળમાં આવી ગયું છે. આ બાબતે સરકાર પણ કરી કરીને શું કરી શકે? હકીકત છે કે નર્યા મોતના સોદાગર જેવા કોરોના સામે બાથ ભીડવા ખુદ સિનિયર ડૉકટરો તૈયાર નથી. દરદીઓને રામભરોસે છોડી દેવાય છે. મોંઘાદાટ ઈંજેકશનો અને પ્લાઝમા થેરાપી છતાં કોરોનાના ઘણા દરદી મરણશરણ થાય છે. ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના શરૂઆતમાં ધીમે પગલે ચાલ્યા પછી હવે ફુલ ફોર્મમાં આવી ગયેલ છે. આ તમામ પરિસ્થિતિથી વાકેફ હોઈ મુખ્યમંત્રીને ઉત્સવો, લોકમેળાઓ અને જાહેર સમારંભો તથા કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકવો પડ્યો છે. અનલોક પ્રક્રિયા આગળ વધતા હવે મંદિરો, જિમ, નાઈટ કલબો વગેરે પરથી પ્રતિબંધ હટાવશે પરંતુ જાહેર સમારંભો અને મેળાવડા તો બંધ જ રહેશે. શાળા-કૉલેજો નહીં ખૂલી શકે. ગુજરાતને આવો અનુભવ કદાચ એના ઈતિહાસમાં પ્રથમવાર થશે કે ગણેશોત્સવ કે નવરાત્રી જેવો લોકોત્સવ બંધ રહેશે. મુસ્લિમ બકરી ઈદ નહીં મનાવી શકે, મસ્જિદોમાં ટોળે નહીં વળી શકે. આશા રાખીએ કે કોઈ ચમત્કાર સરજાય અને નવરાત્રી આવતાં પહેલાં કોરોના એનાં ગાંસડાં પોટલાં સાથે વિદાય થાય. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પણ પ્રતીકાત્મક બની રહેશે. અલબત્ત, વડાપ્રધાન અને મુખ્યપ્રધાન રાજધાનીઓમાં ધ્વજવંદન જરૂર કરશે પણ એમાં કોઈ લોકભાગીદારી નહીં હોય. એક સૂક્ષ્મ વાઈરસમાં કાળા માથાના માનવીને એની હૈસિયત બતાવી દેવાની પ્રચંડ તાકાત છે, તે ઈતિહાસમાં કદાચ પ્રથમ વાર સમગ્ર દેશ એન દુનિયામાં પ્રસ્થાપિત થઈ રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી પાછી ઠેલવા માગે છે તે જ શું સૂચક નથી?

બુરા વક્ત ઔર પુરાને પાપ ઈન્સાન કો હમેશા ઢૂંઢ લેતે હૈ

બુરા વક્ત ઔર પુરાને પાપ ઈન્સાન કો હમેશા ઢૂંઢ લેતે હૈ

- એક ખિલાડી એક હસીના

ઈ.સ. ૨૦૦૫માં આવેલી આ ફિલ્મમાં ફરદીન ખાન, કોએના મિત્રા, કે.કે.મેનન અને ફિરોઝ ખાન મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનું દિગ્દર્શન સુપર્ણ વર્માએ કર્યું હતુ. અને આ ફિલ્મના સંવાદ સુદર્શન દ્વિવેદી અને સુપર્ણ વર્માએ લખ્યા હતા. ઈ.સ. ૨૦૦૩માં આવેલી હોલિવુડ ફિલ્મ ક્લકોન્ફિડન્સક્ષ ફિલ્મની આ નબળી રિમેક હતી. ફિલ્મ જાંનશી પછી પિતા-પુત્ર ફિરોઝ ખાન અને ફરદીન ખાને ફરી વખત એક સાથે અભિનય કર્યો હતો. ફિલ્મમાં આ સંવાદ ફરદીન ખાનના મુખે બોલાવવામાં આવ્યો છે.

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

જોવાની ખૂબી એ છે કે કર્મની ન્યારી છે, આ વાત કોઈ આજે જ કહેલી છે જ નહીં. વારંવાર આપણા સંસ્કૃત ગ્રંથોમાં કર્મની ગહન ગતિ વિશે ખૂબ વિસ્તારપૂર્વક વાતો કરવામાં આવી છે.

ગીતા, અને રામાયણ કે પુરાણોમાં તો તત્ત્વદર્શનની રીતે કર્મની ગતિ વિશે છણાવટ છે જ પરંતુ પંચતંત્ર જેવા આપણા કથા-ગ્રંથમાં પણ આવી ભારેખમ ફિલોસોફીની વાતોને સરળ અને રોચક વાર્તાઓના સ્વરૂપમાં આપણી સામે પીરસવામાં આવ્યું છે. પંચતંત્રનો આ શ્લોક એવા જ પ્રકારનો અર્થ દર્શાવે છે.

યથા ધેનુસહસ્રેષુ વત્સો વિન્દતિ માતરમ ।
તથા પુરાકૃતં કર્મ કર્તારમનુગચ્છતિ ॥

- પંચતંત્ર

જે રીતે હજારો ગાયોમાં વાછરડું તેની માતાને શોધી લે છે, તેમ પૂર્વે કરેલા કર્મો હંમેશા કર્મ કરનારની પાછળ જ હોય છે.

તમે ગમે તેટલો પ્રયત્ન કરો પરંતુ કરેલા કર્મોનું ફળ તો ભોગવ્યે જ છૂટકો.

- jayuoza@gmail.com
Mo.9898046488

૧૪ અને ૧૫મી ઓગસ્ટ ઓનલાઈન હિન્દી કવિ સંમેલન કાર્યક્રમ જશ્ને આઝાદી યોજાશે

વૃત્ત સંચય

● સાંપ્રત સમયમાં, મહામારી કોરોના કેરને અનુલક્ષીને, લોકોની ભીડને ટાળવા તથા કોરોના સંક્રમણ અટકાવવા સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અને સાહિત્યમાં પણ ખેડાણ થતું રહે અને આપણા રાષ્ટ્રીય તહેવારને અનુલક્ષીને દેશભક્તિની લાગણીઓ વ્યકત કરવાના હેતુસર, મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ, ગાંધીનગર દ્વારા,સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ,તા.૧૪-૮-૨૦૨૦ના રોજ બપોરે ૨-૦૦ વાગ્યે અને સ્વાતંત્ર્ય દિનના પુનિત પર્વે,તા.૧૫-૮-૨૦૨૦ના રોજ એમ બે, ઓનલાઈન હિન્દી કવિ સંમેલનો 'જશ્ને આઝાદી' યોજવામાં આવેલ છે. જેમાં અનુક્રમે ૧૫૧ અને ૮૦ જેટલા હિન્દી કવિઓ સ્વતંત્રતા, આઝાદી અને દેશભક્તિને લગતી સ્વરચિત રચનાઓ - ગીત, ગઝલ અને કવિતા ઑનલાઈન રજૂ કરી, આઝાદીનો ઉત્સવ મનાવશે.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● 'વાર્તિકા ગુચ્છ' દ્વારા દર શનિવારે, રાત્રિના ૧૦-૦૦ વાગ્યાથી, દેવર્ષ ત્રિવેદી સાથે, ડીજીટલ વાચિકમ્માં, ગુજરાતી ભાષાની કેટલીક શ્રેષ્ઠ વાર્તાઓનું લાઈવ વાચિકમ્, Instagram Live પર યોજાશે.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

દર્શક અને તેમનું બહુ આયામી વ્યક્તિત્વ

''મનુભાઈ (પંચોળી-દર્શક)નું હૃદય સાહિત્યકારનું છે. હાથપગ રચનાત્મક કાર્યકરના છે. માથું વિચારક – ચિંતક તથા રાજકારણીનું છે. મનુભાઈના જીવન અને કાર્યમાં તેમના નીખરેલા વ્યક્તિત્વના આ ત્રણેય પાસા જોવા મળે છે.'

દાદા ધર્માધિકારીના ઉપરના અવલોકનમાં એક જાજવલ્યમાન વ્યક્તિત્વના દર્શન થાય છે. પ્રજા પુરુષ દર્શક આઝાદ હિન્દમાં ગાંધી વિચારનું પૂર્ણ નિષ્ઠાથી પ્રતિનિધિત્વ કરે છે. ઓક્ટોબર-૧૯૧૪માં મનુભાઈનો જન્મ સૌરાષ્ટ્રના વાંકાનેર વિસ્તારના પંચાશિયા ગામે થયો. લાંબુ તથા ઊંચુ જીવન જીવી જનારા દર્શકદાદા આપણાં સમાજ માટે એક રોલ મોડેલ સમાન છે. ઝવેરચંદ મેઘાણીની ૭૫મી જન્મજયંતી નિમિત્તે ૧૯૭૨માં તેમણે આપેલા વ્યાખ્યાનો મેઘાણીને તો હાજરાહજૂર કરેજ છે પરંતુ સમગ્ર લોકસાહિત્યના વ્યાપનું મનોહર દર્શન પણ કરાવે છે. સ્વામી આનંદે આ વ્યાખ્યાનોના સંદર્ભમાં લખ્યું : 'આ વ્યાખ્યાનો વાંચીને હું આફરીન થઈ ગયો.'

બર્નાડ રસેલના વિચારો અને વ્યક્તિત્વનું જે ચિત્ર દર્શકદાદાએ દોરેલું છે તેવું ભાગ્યેજ અન્ય કોઈ સ્થળેથી મળે છે. બર્નાડ રસેલને તેઓ આ યુગના મહર્ષિ ગણે છે. રસેલનું ઋષિત્વ એ જગાએ છે કે તેમણે પોતાનું હૃદય દુનિયાભરના છેવાડાના દુ:ખી લોકો માટે સુકોમળ રાખ્યું. કોઈપણ પ્રજાનું સ્વાતંત્ર્ય એ રસેલનું સ્વપ્ન હતું. હિન્દુસ્તાનની સ્વતંત્રતા માટે તેઓ પોતાની સરકાર સામે સંઘર્ષ કરનારા હતા. સિસ્મોગ્રાફ જેવું તેમનું અંતઃકરણ જગતમાં ક્યાંયે અન્યાય કે અત્યાચાર થાય તો સૂક્ષ્મ તરંગોના આંદોલનથી ધબકી ઊઠતું હતું. આ સંદર્ભમાં મરીઝની એક અર્થપૂર્ણ અને સુંદર પંક્તિ યાદ આવે છે :

એકત્વ એવું જોઈએ માનવતાવાદમાં
કોઈ ગુનો કરે અને લાગે શરમ મને !

વિશ્વ સામે જ્યારે અણુબોમ્બનો ખતરો ઊભો થયો ત્યારે નેવું વર્ષની ઉમ્મરે તેના વિરોધમાં રસેલે શાંતિકૂચ કરી હતી. રસેલ પોતાના વિચારોમાં સતત ગતિશીલ રહેલા છે. રસેલની નિર્ભયતા તેમજ સત્ય માટેની તાલાવેલી દર્શકદાદાને પસંદ છે તેથી તેઓ બર્નાડ રસેલને મહર્ષિ રસેલ કહે છે. રસેલનું એક સુંદર વાક્ય દર્શકદાદા ટાંકતા એ યુગોપર્યંત અજવાળા પાથરે તેવું છે :

'There is no question of existence or coexistence, the only question is coexistence or no existence.'

સોક્રેટિસ વિષે દર્શકે જે લખ્યું તે ગુજરાતી સાહિત્યનો અમૂલ્ય હીસ્સો છે. સત્યવક્તા તથા સ્પષ્ટવક્તા સોક્રેટિસ સામે અદાલતમાં કેસ ચલાવવામાં આવે છે. એક પ્રશ્ન ઊભો થાય છે જે સોક્રેટિસના જીવનકાર્ય સંબંધિત છે. પ્રશ્ન છે કે સોક્રેટિસ જેવો વિચારક - ચિંતક રાજકારણમાં કેમ દાખલ ન થયો ? રાજકારણમાં દાખલ થઈને તેને તેના ઉત્તમ વિચારોનો અમલ કરાવવાની એક સારી તક ઉપલબ્ધ થઈ શકી હોત. પછી સોક્રેટિસ આ વાતનો જવાબ આપે છે : ''મેં જો તેમ કર્યું હોત તો મારો નાશ વહેલો થયો હોત. લોકોને કોઈ સત્ય સમજાવે કે તેમની ભૂલો બતાવે તો રાજકારણના જાહેર જીવનમાં કોઈને ગમતું નથી. આવું સત્ય અને નિર્ભય કથન કરનાર લોકોને પહેલા તમે દૂર કર્યા છે અને ભવિષ્યમાં પણ તમે દૂર કરશો. ક્લક્ષ કાળને આરપાર જોઈ શકનાર આ મહામાનવે જે વાત કરી છે તે અહોભાવ ઉપજાવે તેવી ખરી છે. કારણ કે એ વાસ્તવિકતાની ખૂબ નજીક છે.

સર્વોદયવાદીઓ પણ વિનોબાજીના માર્ગદર્શનથી આવીજ વિચારધારાને સમર્પિત હતા. સોક્રેટિસ અને વિનોબા આ દ્રષ્ટિકોણમાં જોડાજોડ ઊભેલા છે. ટોળાની મનોવૃત્તિ અને રાજ્યનો બળ પ્રયોગ એ બન્ને મહામાનવ માટે ત્યાજ્ય છે. પોતાની વિચારમાત્રા અંગે દર્શકદાદા નમ્રતાથી ખલિલ જિબ્રાનને ટાંકીને કહે છે : 'તમે કદી એમ ન કહેતાં કે મને સત્ય જડ્યું છે પરંતુ તમે એમ કહેજો કે મને એક સત્ય જડ્યું છે.' જોકે નાનાભાઈ જેવા કેળવણીના ઋષિ પુરુષ નમળ્યા હોત તો દર્શક કદાચ રાજકારણમાં ગયા હોત એમ દર્શક કહેતા. નાનાભાઈ ભટ્ટના કેળવણીના કાર્યમાં તેઓ પૂર્ણતઃ ધરબાઈ ગયા છે. કેળવણીનું કેટલું મોટું મહત્વ દર્શકના જીવનમાં વણાઈ ગયું

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

હતું તેનું સચોટ દર્શન તેમના 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' માં હુબહુ જોવા મળે છે. દર્શક કહે છે કે શાંતિ સ્થાપવાનું અને જાળવવાનું કામ કંઈ ગાંધી કે વિનોબા ઉપરજ નથી. દૂર સુદૂરના આદિવાસીઓના ઝૂંપડામાં શાળા કે બાલવાડી ચલાવનાર શિક્ષક કે ગ્રામસેવક આવુંજ કામ કરે છે. બાળકોમાં આક્રમક વ્યક્તિના બીજ ન રહે અને ન પાંગરે તેનું કામ આ પ્રાથમિક શાળાના શિક્ષકોકરે છે. તેમનું કામ સહેજ પણ ઓછા મહત્વનું નથી. શાંતિના ભવ્ય વૃક્ષના મૂળિયા મજબૂત કરવાનું અમૂલ્ય કાર્ય આ શિક્ષકો કરે છે. દર્શકને મન કેળવણીની આટલી મોટી કિમ્મત છે. મોહન દાંડીકર દર્શકના શબ્દોને શબ્દ ઉપનિષદ ગણાવે છે તે યથાર્થ છે. નાનાભાઈ - મનુભાઈના પ્રયાસોથી ૧૯૫૩માં લોકભારતીની સ્થાપના કરવામાં આવી. અનેક વિદ્યાર્થીઓ ત્યાંથી કેળવણીનો ભેખ પહેરીને સમાજમાં કામે વળગ્યા છે.

જુલાઈ-૧૯૩૮માં નાનાભાઈએ આંબલામાં ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. મનુભાઈને નાનાભાઈ ભટ્ટની આ અનોખી પહેલમાંજ પોતાના જીવનકાર્યનું દર્શન થયું. આંબલામાં દર્શક અને અનેક કેળવણીના સહયાત્રીઓએ સાધના કાર્યનો શુભારંભ કર્યો. 'એક નાનાકડા એવા ક્યારામાં ઉત્તમ માનવીય તત્વોને ઉગાડવાનો આ પ્રયાસ સમગ્ર વિશ્વને છાંયો આપે તેવું વૃક્ષ બની શકે છે' એવું મકરંદી વિધાન રમેશભાઈ સંઘવીએ ટાંકેલું છે.

સ્વતંત્રતા મેળવ્યા બાદ આપણાં દેશમાં કેળવણીને કેન્દ્રમાં રાખીને સારી ભાવનાથી અનેક પ્રયોગો થયા છે. પરંતુ આ તમામ પ્રયાસો પછી પણ શિક્ષણ કૌશલ્ય કેન્દ્રી કે મૂલ્ય સંવર્ધનકેન્દ્રી થયું નથી. નાનાભાઈ અને દર્શકદાદાના વિચારો આજે પણ કેળવણીના વિષયમાં પ્રસ્તુત છે.

સાદી માતૃભાષાના લહિયા ગાંધીના પરભાષા પ્રેમી હિંદીઓ પર ઘા

તાજેતરમાં કેન્દ્ર સરકારે નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ સ્વીકારી છે. આપણા દેશમાં છેલ્લે ૧૯૮૬માં શિક્ષણ નીતિ આવી હતી. એ પછી લગભગ સાડા ત્રણ દાયકા બાદ નવી શિક્ષણ નીતિ અસ્તિત્વમાં આવી છે. ૧૯૯૦ના દાયકામાં આર્થિક ઉદારીકરણ ઉપરાંત અનેક યાંત્રિક-તાંત્રિક અને સામાજિક પરિવર્તનો ઝિલાયા છતાં આપણે આપણી એમાં શિક્ષણ નીતિમાં કોઈ ફેરફાર કર્યા નહતા. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ એ અનેક આમૂલ પરિવર્તનો વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં સુચવ્યા છે. કોઈપણ નવી વ્યવસ્થા સામે તરફેણ કે વિરોધ એવા મત–મતાંતરો ઉદભવે એ સ્વાભાવિક છે.વિરોધી સૂર નવી શિક્ષણ નીતિ સામે પણ રેલાશે, જો કે એમાં કશું ખોટું પણ નથી. ભિન્ન મત એ મૂળમાં તો લોકશાહીનો આદર જ છે, માટે આવકાર્ય છે. આજે વાત સમગ્રતયા નવી શિક્ષણ નીતિની કરવી નથી પણ એમાં સુચવાયેલા એક સૂચનને ગાંધી વિચારના સંદર્ભમાં રજૂ કરવાનો પ્રયાસ છે. નવી શિક્ષણ નીતિમાં પ્રાથમિક કક્ષાએ પાંચમા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણની વાત થઈ છે. આ મુદ્દે –માતૃભાષાના સંબંધે આપણે ગાંધી વિચારને જોઈશું.

માતૃભાષામાં કેળવણી સંદર્ભે બાપુના વિચારો સ્પષ્ટ હતા. એટલુંજ નહિં આ વિચારમાં અન્ય ભાષાના લોકો પણ તેમની માતૃભાષાનો કેળવણી સહિતનો ઉપયોગ કરે એવો અભિગમ રહેતો. એટલે માતૃભાષા પોતાની શ્રેષ્ઠ છે એવું નિઃશંક પણે તેઓ માન્ય કરતાં હતા. આનું એક દૃષ્ટાંત વાંચવા અને જાણવા જેવું છે:

૧૨મી ઓગસ્ટ ૧૯૧૧માં દક્ષિણ આફ્રિકાના જનરલ હરગોઝે તત્કાલીન શિક્ષણ પદ્ધતિની ટીકા કરી હતી. ગોખણપટ્ટી અને પરીક્ષા પદ્ધતિ પર આધારિત શિક્ષણ વ્યવસ્થા પર તડી વરસાવતા જનરલશ્રીએ સાચી કેળવણી માટે ચારિત્ર્ય ઘડતર અને માતૃભાષા પર ભાર મૂક્યો હતો. જનરલ હરગોઝના ભાષણનો આધાર લઈને મહાત્મા ગાંધીએ ઈન્ડિયન ઓપિનિયનના તા. ૧૯ ઓગસ્ટ ૧૯૧૧માં નોંધ લખી હતી કે ઈંગ્રેજીમાં શિક્ષણ લે તો વિદ્યાર્થી પોતાના મા-બાપ પ્રત્યેનું માન ભૂલી જાય. વળી તે છોકરાઓ પોતાની પ્રજા પણ ભૂલે અને માત્ર જે પરભાષા શીખે તે ભાષાના માણસોની નકલ કરે. આ વિચાર હિંદીઓને વધારે લાગુ પડે છે.

ગાંધી વધુ સ્પષ્ટ કરે છે, આપણી ભાષા - પછી હિંદીની ગમે તે ભાષા હોય તેને ઈંગ્રેજી ભાષા સાથે ઘણો ઓછો સંબંધ છે. પશ્ચિમના સુધારામાં

મહાત્મા : માતૃભાષાને નવી શિક્ષણ નીતિ

ખીલેલી ભાષાના વિચારો આપણા બાળકોમાં ઠસી જાય એ આપણી પ્રજા, આપણી જાતને આપણા ધર્મ ભૂલવા જેવું બને છે. ઈંગ્રેજી કેળવણી પામેલા હિંદીઓ અમુક હદથી આગળ બીજા હિંદીઓને મદદરૂપ નથી થઈ શકતા એ દોષ બતાવતા તેઓ લખે છે કે તેમનો દોષ કાઢવો તે ખોટું છે. તેઓને તેઓની સ્થિતિએ તેવા બતાવ્યા છે. તેમના દોષ જોવાને બદલે દાખલો જોવાનું ઘટાવતા ગાંધીજી કહે છે માતૃભાષામાં કેળવણી લઈએ અને અંગ્રેજીમાં કેળવણી લેવાની ભૂલ છોડીએ.

માતૃભાષાની વકીલાત કરતાં બાપુ પ્રશ્ન તરતો મૂકે છે, આપણી રૂઢીઓ, આપણી કહેવતો, આપણાં કાવ્યો તે બધાંની આપણને ખબર ન હોય, ને આપણે આપણા માણસો ઉપર શી છાપ બેસાડીએ? અને ઘરનું ન કરી શકે તે બહારનું શું કરવાનો હોય? આપણું તો આપણે ભૂલી જઈએ ને બીજાનું સંભાળતાં શાનું આવડે? સાદી ભાષાનો આ લહીયો બહુ સરળતાથી પરભાષા પ્રેમી હિંદીઓ પર ઘા કરે છે. આગળ ચલાવતા કહે છે, એટલે પરિણામે આપણે ધોબીના કૂતરાની સ્થિતિમાં આવી પડીએ - 'ન રહીએ ઘાટના કે ન રહીએ વાટના.ક્ષ જેટલે દરજ્જે આપણે આપણી ભાષા ભૂલી જઈએ છીએ તેટલે દરજ્જે આપણે ખરી સેવા કરતાં ભૂલીએ છીએ એવો મત વ્યક્ત કરતાં તેઓ સ્પષ્ટ કરે છે લખાણનો હેતુ એવો નથી કે ઈંગ્રેજી ભાષા ન શીખવી. પણ જે ધોરણે અંગ્રેજો ફારસી, સંસ્કૃત વગેરે શીખે છે તે ધોરણે આપણે અંગ્રેજી શીખીએ. આપણી માદરી જબાન પાકી કરીને તેમાં સંપૂર્ણ ઘડાઈને પછી રાજયકર્તાની ભાષા અને અન્ય રીતે ઉપયોગી હોઈ ભલે ઈંગ્રેજી શીખીએ.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દક્ષિણ આફ્રિકાનાં હિન્દી બાળકોની કેળવણીના ઈતિહાસમાં પહેલીવહેલી વાર એ વાત સ્વીકારવામાં આવી કે હિન્દી બાળકોને શિક્ષણના માધ્યમ તરીકે હિંદી ભાષાઓ રાખવી જરૂરી છે. એમ વિટવાટસેરેન્ડ સેન્ટ્રલ સ્કૂલ બોર્ડે શરત સ્વીકારી તે સમયે ગાંધીએ વિચાર વ્યક્ત કર્યો હતો કે માણસ પોતાની માતૃભાષાના જ્ઞાન સિવાય સાચો દેશભક્ત બની શકતો નથી. માતૃભાષાના જ્ઞાન સિવાય તેના વિચારો વિકૃત થઈ જાય છે અને તેમનાં અંતરાત્મામાંથી માતૃભાષાનો પ્રેમ ઓસરી જાય છે.

(ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ-૧૧, પૃષ્ઠ : ૩૬૭)

'ગાંધી બાપુના હૈયે માતૃભાષાને રાષ્ટ્રભાષાનું હિત લગાવ કેટલો હતો, તે ૧૬ નવેમ્બર, ૧૯૪૫ના લીલાબહેનને તેમને પ્રત્યુત્તર પત્રમાં આપે છે. વ્હાલાં બહેન, તમને રાષ્ટ્રભાષાનું થોડું પણ જ્ઞાન નથી? જો તેનું ન હોય તો માતૃભાષાનું તો હશે જ ને? ગામડાંની સ્ત્રીઓની સેવા કરવા માટે બહેનો તૈયાર થાય છે, તેઓ અંગ્રેજી મારફત તો કદાચ જ કામ કરી શકે; અને હું તો ગામડાંનો છું, મને અંગ્રેજીમાં શું કામ લખો છો?

- તમારો મો. ક. ગાંધી

(ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ : ૮૨, પૃષ્ઠ : ૭૯)

ગાંધી આજથી ૧૧૦ વર્ષ પહેલાં માતૃભાષામાં કેળવણી લેવાની તરફેણ કરતા હતા. અને જો માતૃભાષામાં કેળવણી ના લેવાતી હોય તો એ ભૂલ સુધારી લેવાની હિમાયત કરતાં હતા. ભાષાએ સંસ્કૃતિ સાથે અને આપણી ઓળખ સાથે જોડાયેલી છે. એ વાત ગાંધીએ એક સદી પહેલા સમજાવી હતી નવી શિક્ષણ નીતિમાં આ બાબતે લેવાયેલો નિર્ણય ગાંધી વિચારનો પડઘો છે, મોડે મોડે પણ ગાંધીની કેળવણીનો વિચાર અમલી બનવા જ ઇ રહ્યો છે, આશા રાખીએ કે ગાંધીએ કેળવણીનું ૧૯૩૭-૩૮માં આપેલી વર્ધા યોજનાની બાબતોનો જો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવે તો નવી નીતિના અમલમાં ગાંધી કેળવણીનો સંસ્પર્શ આપી શકાય.